# અનુઆધુનિક વાર્તાવિશ્વમાં ધ્યાનપાત્ર પ્રવેશ | રાજેન્દ્ર પટેલ

[**'પ્રવેશદ્વાર'** : દીવાન ઠાકોર, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૬, કિં. રૂ. ૮૦, પૃ. ૧૪૦]

'Talent is long patience.' જગતના શ્રેષ્ઠ સાહિત્યકાર મોંપાસાંનું આ નાનકડું વાક્ય, કદાચ સર્જાતા સાહિત્યમાં રમમાણ દરેક લેખકે અંકે કરવા જેવું છે. 'પ્રવેશદ્વાર' વાર્તાસંગ્રહમાં પ્રકાશનનો પ્રથમ રાજીપો તો લેખક દિવાન ઠાકોર લગભગ ૨૫ વર્ષથી ટૂંકીવાર્તા સર્જતાં રહી છેવટે આ વાર્તાસંગ્રહ ૨૦૦૩માં આપણી સમક્ષ મૂક્યો છે, એ જ છે ! આ વાર્તાસંગ્રહની વાર્તાઓનાં પાત્રોના મનોજગત લેખકે બહુ સહજ છતાં વિશિષ્ટ રીતે કંડારેલાં છે. પાત્રો વચ્ચેના સંવાદ અને તે થકી સ્ફુટ થતા અવ્યક્ત ઉદ્ગાર, વાર્તાકારનું કળાઅભિવ્યક્તિ કૌશલ બતાવે છે. ઘણી વાર્તાઓમાં સાદી બાનીમાં, અનેરું સંવેદન ગૂંથવામાં લેખક સફળ રહ્યા છે.

'કેમ હસે છે ?' અમિતાએ તેના માથાના વાળમાં આંગળાં પરોવતાં પૂછ્યું.

'તારું સ્વપ્ન જોયું.'

'હું અહીં જ છું પછી સ્વપ્ન જોવાની ક્યાં જરૂર પડી ?'

'સ્વપ્નમાં તારી સાથે મજા પડે છે.'

'પ્રવેશદ્વાર'ની ઘણી વાર્તાઓમાં ભારોભાર વાસ્તવિક જગત અને સંકુલ કપોલકલ્પિતા વિગલન પામીને એક નવી સૃષ્ટિ સર્જાય છે. તેથી વાર્તા મુખર થયા વગર ખાસ દૃષ્ટિબિંદુ પૂરું પાડે છે. લેખક કશી અવનવી, મહાન પ્રતીકરચનાના મોહમાં ફસાતા નથી. સપાટી ઉપર ઘટતી ઘટનાને તળિયે મસમોટી સંવેદનાની આંધી વહેતી હોય છે. વાર્તાકારે તેને સુસંગત સાનુકૂલ ભાષામાં પ્રગટ કરી છે. સંવાદની સારી હથોટી અને બે સંવાદ વચ્ચે તેને અનુરૂપ વર્ણનની તાજગીસભર શૈલી, તે આ લેખકનું મુખ્ય જમા પાસું છે. જાણે કે મુખ્યત્વે પરંપરામાંથી થોડા હટીને, નવા ચીલે ચાલવાનું કેટલીક વાર્તાઓમાં આંશિક, કેટલીક વાર્તામાં સંપૂર્ણપણે સફળ રહ્યા છે.

'પ્રવેશદ્વાર' એક બીજી રીતે પણ ધ્યાન ખેંચે તેવો વાર્તાસંગ્રહ છે. ગુજરાતી સાહિત્યના છેલ્લા દાયકાઓમાં વાર્તાલેખનમાં દાખવવામાં આવેલ વાર્તાકળાના તરેહવારના આરોહઅવરોહ અહીં જુદી જુદી વાર્તારૂપે જાણે- અજાણે રચાયા છે. જેમકે પ્રથમ વાર્તા 'કનૈયો' પરંપરિત વાર્તારચનાશૈલીથી લખાયેલી સફળ વાર્તા છે. તો આધુનિક વાર્તા-રચનારીતિના સ્પર્શવાળી વાર્તાઓ છે, જેમાં ઘટનાનું સ્થૂળ રૂપ તિરોધાન પામે અને પાત્રોનું મનોમય જગત ગદ્ય-પદ્ય શૈલીના સહારે વાર્તામાં વહે છે. આથી વાર્તાઓને અંતે એક વિશિષ્ટ વાર્તાક્ષણનો અનુભવ થાય છે, પરંતુ સમગ્ર રીતે વાર્તાકળામાં પરિવર્તન પામવામાં અસફળ રહે છે. 'ઝૂ' અને 'જહાજ' આવી વાર્તાઓ છે. કપોલકલ્પિત નિરૂપણરીતિથી આલેખાયેલી 'ઘોડો' વાર્તા તેના નવીન વિષયવસ્તુને પરિણામે ધ્યાનપાત્ર બને છે. વળી પાત્રોની મનોવેદનાને પૂરા તાટસ્થ્યથી વ્યક્ત કરતી 'ખુશખબર' કે 'ઉત્ખન્ન' જેવી વાર્તાઓ પણ અહીં છે. સ્ત્રી-પુરુષના સંબંધ ઉપરાંત વિવિધ વિષયો અહીં ઉપલબ્ધ છે. તેથી વાર્તાસંગ્રહ વાંચતાં નવીન રસાસ્વાદ સતત સાંપડતો રહે છે. પરંતુ લેખકનો સમગ્ર સર્જનાત્મક પ્રવાહ 'મહાકાલી' કે 'અમદાવાદના દરિયાકાંઠે'માં બરોબર વિકસ્યો છે. આવી કેટલીક વાર્તાઓ અનાયાસ ઉત્તમ વાર્તાઓમાં સ્થાન લે તેમ છે. આ વાર્તાસંગ્રહને ચાર ભાગમાં વહેંચી શકાય તેમ છે.

૧. કપોલકલ્પિતતાનો વિનિયોગ કરતી વાર્તાઓ.

૨. જેમાં સ્થળ, કાળનો પ્રખર વાર્તાક્ષણમાં રૂપાંતર થયું છે તેવી વાર્તાઓ.

૩. નવાં વિષયવસ્તુવાળી વાર્તાઓ.

૪. સંવાદનો સફળ વિનિયોગ તથા તાજગીસભર સહજ શૈલી ધરાવતી વાર્તાઓ.

કપોલકલ્પિતતા ક્યાંક કારગત નીવડે છે અને વાર્તારસમાં સઘન એકીભૂત અસર ઊભી કરે છે, પરંતુ દરેક વાર્તામાં અંતે આમ થતું નથી. દા.ત., 'ઝૂ' અને 'જહાજ'; છતાં 'ઘોડો' વાર્તામાં અંતે આવતું આ વાક્ય વાર્તાને ઉગારી લે છે.

''દૂર દૂર ઊંચેના અંધકારભર્યા આકાશમાં ઊગેલા તારાઓ જેવી એમની હજારો આંખોથી મને ટગર ટગર તાકી રહ્યા.''

આવી કેટલીક અપૂર્ણ વાર્તામાં એક તિખારો જોવા મળે છે પણ એથી આગળ ન વધતાં વાર્તા પૂર્ણ રીતે આસ્વાદ્ય બનતી નથી.

આ વાર્તાકારની સૌથી વિશેષ ધ્યાનપાત્ર સફળતા 'મહાકાલી' વાર્તામાં એમણે પ્રયોજેલી વાર્તારચનાની પ્રયુક્તિ છે. ત્રણ કથનકેન્દ્ર ધરાવતી આ વાર્તા નિરાળી રૂપરચનાની અને વિષયવસ્તુની દૃષ્ટિએ અલગ તરી આવે છે. આ વાર્તામાં પાત્રોના મનોસંચલનો વિશિષ્ટ રૂપે વિકસ્યાં છે જે આ મુજબ છે.

કથક-૧

કથક-૩ દાસભાઈ — કથક-૨ દલસુખભાઈ

અ સમય બાબુનું વર્તમાન — બ સમય બાબુનો ભૂતકાળ — અ સમય — બ સમય

અ સમય — બ સમય — અ સમય — બ સમય

બાબુનું કથન – અંતે

[મહાકાલીના કૅલેન્ડરનું પ્રતીક

નવું પરિમાણ સર્જે છે.]

બીજી એક વાર્તા 'અમદાવાદના દરિયાકાંઠે'ની કલાત્મકતા સ્થળ અને સમયનાં વાસ્તવિક અને ચૈતસિક રૂપોનું કોલાજ રચી બેનમૂન વાર્તા સર્જે છે. આ વાર્તા સુંદર કલાકૃતિ બની છે. સ્થળ અને સમયની ટેકનીકથી તેને જુદું જ પરિણામ સાંપડે છે. કથાનાયકનો પૂર્વજીવનજન્ય સભર અતીતરાગ અને નરી રિક્તતાનો અનુભવ કરાવ તો વર્તમાન – સૂચિત ઉભય પ્રકારના સ્થળ-કાળજન્ય રૂપોનો કલાત્મક વણાટ વાર્તાને આસ્વાદ્ય બનાવે છે.

વાર્તાનાયકનો સમય — વાર્તાનાયકનું સ્થળ

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદનું વર્તમાન | ૪૫ વર્ષ પહેલાંનું અમદાવાદ | અજાણ્યા મુલકનો દરિયાકાંઠાનો સમય (આટલાન્ટિક મહાસાગર) | દરિયાકાંઠો તેની હોટલ | નદી | અમદાવાદની સ્થૂળ સફર |

આ વાર્તામાં ફેન્ટસી, પ્રયોગાત્મક વાર્તાતરીકો, સ્થળ-કાળની સેળભેળ પછવાડે રચાયેલા સંવાદમાંથી પ્રગટી વ્યંજિત સંવેદના આસ્વાદ્ય બને છે.

આ વાર્તાસંગ્રહનું બીજું જમા પાસું તેમાં રહેલી વાર્તાઓમાં પડેલી વિવિધ વિષયવસ્તુ છે. ભૂખ છે પણ પુસ્તકની ભૂખ છે. સ્ત્રીપુરુષના સંબંધોની વાત પણ જુદી રીતે મને ભૂમિકાએ કરવામાં આવી છે. તે સ્થૂળ ન રહેતાં સૂક્ષ્મ બને છે. તેથી વાર્તાકળા લાધે છે. બહુરૂપી, દંપતી, ઉત્ખન્ન, પ્રવેશદ્વાર, સાદોસીધો માણસ વગેરે આવી વાર્તાઓ છે. જોકે તેમાં 'વિફળ' વધુ કલાત્મક રીતે નિરૂપાયેલી છે. 'આવરણ' વાર્તામાં પત્નીના ભૂતકાળના મિત્રને પરિણામે રચાતાં મનોવૈજ્ઞાનિક અભિગમો, તેના ફેરફારો, સૂક્ષ્મ રીતે રજૂ થયાં છે અને સરસ વાર્તાની ભાત ઉપસાવે છે.

આ વાર્તાસંગ્રહની એક વિશિષ્ટતા એ છે, અહીં કેટલીક વાર્તાઓનાં પાત્રોની મનોમયતા બહુજ સરસ બારીકી સાથે પ્રતીતિકર અને રસદાયી નીવડે એ રીતે આલેખાઈ છે. એમ થતાં પાત્રોની વેદના-સંવેદના સરસ રીતે ઊભરી આવે છે. 'આવરણ'માં પત્નીના બાળપણના દોસ્તને પરિણામે નાયકના મનોસ્પંદનો વ્યક્ત થાય છે. તો 'ખુશખબર' જેવી અંતે મુખર થઈ જતી વાર્તામાં પણ યુવાન પુત્રના મૃત્યુના વિયોગમાં પિતાની ચિત્તદશા અપીલિંગ બની રહે છે. 'વિફળ'માં પણ છૂટાછેડા લીધેલા પુરુષની બીજી વારની પત્ની સાથેનો સંઘર્ષ અને અગાઉના પત્ની સાથેનો સંવાદ મૂંઝાયેલી મનોસ્થિતિને યોગ્ય રીતે નિર્દેશે છે.

કેટલીક વાર્તામાં આરંભમાં એક તાજગીનો અનુભવ થાય છે. તેની માંડણી અને શૈલી, સંવાદ અને નિરૂપણ સંદિગ્ધ અને પ્રવાહિત હોય છે, પરંતુ વાર્તાનો અંત તેવો પ્રબળ થતો અટકી જાય છે. એટલે કે ક્યારેક સારી વાર્તા અચાનક આટોપાઈ જાય છે અથવા લટકતી – અધૂરી રહી જાય છે. સર્જક મનની પ્રક્રિયાનો પણ સઘન વેગ-આવેગનો પ્રવાહ કદાચ મંદ પડી જતો લાગે છે ! દા.ત. પેઢી, બહુરૂપી, ઉત્ખન્ન વગેરે. 'આકાશિકા' નામની વાર્તામાં વાર્તા વિશેની વાર્તાનો પ્રયોગ રસ ઉત્પન્ન કરે છે છતાં માત્ર પ્રયોગ બની રહે છે. કશુંક નવીન અને અપૂર્વ દરેક વાર્તાને અંતે મળતું નથી. વાસ્તવનો કોઈ અજાણ્યો વિસ્ફોટ થતો જણાતો નથી. ક્યારેક એક જ વાર્તામાં જ ભાષાકર્મમાં અચાનક થતો બદલાવ સભાન ક્ષણોની ઊણપ જેવો ભાસે છે. દા.ત. 'સાદોસીધો માણસ'માં અડધી વાર્તા બાદ એકાએક શૈલી બદલાય છે. સમગ્ર વાર્તાસંગ્રહમાં વ્યક્ત થતી સર્જક-શૈલીથી જુદી પડે છે અને ભાવકને વહેમ જાય કે કોઈ ગમતા લેખકની શૈલી સભાનપણે ગોઠવાઈ ગઈ નહીં હોય ને ?

પરંતુ 'પ્રવેશદ્વાર'ની વાર્તાઓમાં કેટલીક વાર્તાઓ ખરે જ વાર્તાકળાની દૃષ્ટિએ નીવડી આવી છે. નવા પ્રયોગ, નવી શૈલી હંમેશ વાચકને પકડી રાખે છે પરંતુ 'મહાકાલી' કે 'અમદાવાદને દરિયાકાંઠે' વાર્તામાં જે પરિણામો સાંપડ્યાં છે તે કેટલીક વાર્તાઓમાં જ જોવા મળે છે. ત્યારે સાર્ત્રના નિબંધ What is writting – ? માંનો એક પરિચ્છેદ યાદ આવે છે.

'The novelist makes no great issue of his idea. He is an explorer feeling his way in an effort to reveal **some unknown aspect of existance.** He is fascinated not by his voice but by a form he is seeking, and only those forms that meet the demands of his dream became part of his work.'

આ વાર્તાસંગ્રહની કેટલીક વાર્તાઓમાંથી પસાર થતાં ચોક્કસ લાગે છે કે લેખકે આવો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. અને તેથી જ આ વાર્તાકારનો પ્રવેશ ખૂબ ધ્યાનપાત્ર બને છે.